## <u>શૈક્ષણિક પ્રવાસ માટે બસ ભાડે લેવા માટેની જાહેરાત</u>

અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦" ના (૧) દક્ષિણ ભારત તા. ૦૨/૨/૨૦૧૫ થી તા. ૨૨/૨/૨૦૧૫ (૨૧ દિવસ) કુલ સંખ્યા ૬૮ માટે ૪૧/૪૨ સીટર ૨ × ૨ પુશબેક બે (૨) બસ, (૨) ઉત્તર ભારતના તા. ૦૯/૩/૨૦૧૫ થી તા. ૨૯/૩/૨૦૧૫ (૨૧ દિવસ) કુલ સંખ્યા ૩૧ માટે ૩૫ સીટર ૨ × ૨ પુશબેક એક(૧) બસ ભાડે આપવાના પ્રતિ કિ.મી. ના ભાવ ટ્રાવેલ્સ/ ટુર ઓર્ગેનાઈઝર્સે સીલ બંધ કવરમાં તા. ૧૫/૧૨/૨૦૧૪ સુધીમાં ઉપરોકત સરનામે ટપાલ અથવા કુરીયરથી પહોંચતા કરવા. વાહન લેટેસ્ટ મોડેલનું ધરાવતુ હોવું જોઈએ. બસ ભાડે લેવા માટેની શરતો www.nau.in ઉપરથી અથવા કચેરીમાંથી રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન (સવારે ૮ થી ૧૨ અને બપોરે ૨ થી ૫) સ્વખર્ચે રૂબરૂ સંપર્ક કરી મેળવી લેવાની રહેશે. સંપર્ક નંબરઃ ડૉ.ચિરાગ પટેલ, (મો.નં.૯૪૨૮૧૬૦૯૩૭) અથવા ડૉ. એ. આઈ. પટેલ, (મો.નં.૭૬૦૦૦૪૯૧૭૬)

આચાર્ય

D:\Tank sir\Rawe 2015\Nondh

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

**અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી– ૩૯૬ ૪૫૦**

**દક્ષિણ ભારત/ઉત્તર ભારત/ ગુજરાત રાજય શૈક્ષણિક પ્રવાસ ૨૦૧૪–૧૫ માટેની ખાનગી ટ્રાવેલ્સની ભાડાની બસ માટેની શરતો**

1. બાગાયત શાખાનો શૈક્ષણિક પ્રવાસ દક્ષિણ ભારતમાં તા.૦૨/૨/૨૦૧૫ થી તા. ૨૨/૨/૨૦૧૫,
   વનીય શાખાનો શૈક્ષણિક પ્રવાસ ઉત્તર ભારતમાં તા. ૦૯/૩/૨૦૧૫ થી તા.૨૯/૩/૨૦૧૫ દરમ્યાન રહેશે.
2. બાગાયત શાખાનો શૈક્ષણિક પ્રવાસ તા.૦૨/૨/૨૦૧૫ સોમવારના રોજ મળસ્કે ૧.૦૦ કલાકે, વનીય શાખાનો શૈક્ષણિક પ્રવાસ તા. ૦૯/૩/૨૦૧૫ સોમવારના રોજ મળસ્કે ૧.૦૦ કલાકે શરૂ થશે તે મુજબ નકકી કરેલ બસ (બાગાયત શાખા માટે ૪૨ સીટની કેપેસીટીવાળી ૨ × ૨ પુશબેક બે બસ અને વનીય શાખા માટે ૩૫ સીટની કેપેસીટીવાળી ૨ × ૨ પુશબેક એક બસ) વાહન ચાલક સહિત અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂ ચાર રસ્તા વિજલપોર રોડ, નવસારી ખાતે સ્થળ પર અચુક <u>(દક્ષિણ ભારત માટે ૧/૨/૨૦૧૫ ના રોજ રાત્રે ૮ કલાકે તથા ઉત્તર ભારત માટે ૮/૩/૨૦૧૫ ના રોજ રાત્રે ૮ કલાકે</u> ) હાજર થઈ જવાનું રહેશે.
3. શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમમાં ફેરફાર કરવાની સત્તા આચાર્યશ્રી સાથે પરામર્શ કર્યા બાદ ટુર લીડરને રહેશે.
4. જરૂર જણાય ત્યાં ટુર લીડરની સુચના મુજબ રાત્રી દરમ્યાન પ્રવાસ કરવાનો રહેશે.
5. મુસાફરી દરમ્યાન મુશ્કેલી ન પડે તે માટે બસો લેટેસ્ટ મોડેલની સારામાં સારી કંડીશનવાળી, આરામદાયક સીટવાળી, બે હાર વચ્ચે યોગ્ય જગ્યા ધરાવતી સીટો તેમજ બારીના પડદા સારી હાલતમાં હોવા જરૂરી છે.
6. દક્ષિણ અને ઉત્તર ભારતના રસ્તાના જાણકાર તેમજ પર્વતીય રસ્તાના હિલી ડ્રાયવીંગના અનુભવી બસ ડ્રાયવર બેજ લાયસન્સ ધરાવતા <u>બે ડ્રાયવરો દરેક બસમાં કલીનર સાથે</u> ફાળવવાના રહેશે.
7. મુસાફરી દરમ્યાન બસ બગડી જાય તો તાત્કાલીક સ્વખર્ચે રીપેરીંગ કરી આગળનો પ્રવાસ પૂર્ણ કરવાનો રહેશે.
8. ડ્રાયવર–કલીનરને અમારી સંસ્થા તરફથી જમવા કે અન્ય કોઈ ખર્ચ કે વ્યવસ્થા આપવામાં આવશે નહી.
9. આ પ્રવાસમાં લગેજ ઢાંકવા માટે તાડપત્રી અથવા લગેજ બગડે નહી તેની વ્યવસ્થા ટ્રાવેલ એજન્ટે કરવાની રહેશે.
10. તમામ શરતો માન્ય હશે તો પ્રથમ ૫૦% નાણાં એડવાન્સ આપવામાં આવશે ત્યારપછી પ્રવાસ દરમ્યાન વચ્ચે ૨૫% નાણાં ટ્રાવેલ કંપની સાથે પરામર્શ કર્યા બાદ અને બાકી ૨૫% નાણાં પ્રવાસ પૂર્ણ થયેથી ચૂકવવામાં આવશે.
11. સમગ્ર પ્રવાસ દરમ્યાન ગાડી પાર્કીગ, રોડ ટેક્ષ, ટોલ ટેક્ષ, પુલ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, એન્ટ્રી ટેક્ષ, પોલીસ એન્ટ્રી, પર્મીટ ચાર્જ, બળતણ ખર્ચ, રીપેરીંગ ખર્ચ, ટ્રાવેલ કંપનીએ નિભાવવાના રહેશે. આર.ટી.ઓ./પોલીસ દ્વારા પાર્કિંગને લગતા અથવા અન્ય કારણોસર દંડ કરવામાં આવે તો તેની રકમ સ્થળ પર જ ડ્રાયવરે ભરવાની રહેશે.
12. વિદ્યાર્થી તથા સ્ટાફ (દક્ષિણ ભારત માટે વિદ્યાર્થી ૬૪ + સ્ટાફ ૪ સાથે = કુલ ૬૮), (ઉત્તર ભારત માટે વિદ્યાર્થી ૨૯ + ૨ સ્ટાફ સાથે = કુલ ૩૧) નું લીસ્ટ આર.ટી.ઓ. પાસે જે તે ટ્રાવેલ કંપનીએ પોતાના ખર્ચે પાસ કરાવવાનું રહેશે.
13. સદરહુ ૨૧ દિવસના શૈક્ષણિક પ્રવાસમાં આશરે ૫૦૦૦ થી ૭૦૦૦ કિ.મી. અંતર થવાની શકયતા છે.
14. નાણાંની ચૂકવણી ખરેખર પ્રવાસ થયેલ કિ.મી. પ્રમાણે જ ચૂકવવામાં આવશે. કોઈપણ સંજોગોમાં પ્રવાસના કિ.મી. થી વધુ નાણાં ચૂકવવામાં આવશે નહિ. કિ.મી. ની ગણતરી નવસારી મહાવિદ્યાલયથી બસ ઉપડે ત્યારથી પરત બસ નવસારી મહાવિદ્યાલય પહોંચે ત્યાં સુધીની જ કરવામાં આવશે.
15. બીલની કુલ રકમમાંથી **ટી.ડી.એસ ઈન્કમટેક્ષના નિયમો** પ્રમાણે કાપવામાં આવશે.
16. પ્રવાસની શરૂઆત કરતાં પહેલાં જે તે બસની આર.સી.બુક, ઈન્સ્યોરન્સ લેટર, પી.યુ.સી. ની કોપી, વાહન ચાલકના ડ્રાઈવીંગ લાઈસન્સની કોપી તથા બેજ નંબરની વિગત કચેરીમાં રજૂ કરવાની રહેશે.
17. બસમાં ટી.વી., ડીવીડી પ્લેયર ચાલુ હાલતમાં હોવું જરૂરી છે.
18. વાહન ચાલકનો વ્યવહાર ટુર લીડર તથા વિદ્યાર્થી સાથે સુમેળભર્યો હોવો જરૂરી છે.
19. વાહન ચાલક તથા કલીનર કોઈપણ જાતના માદક દ્રવ્યોના વ્યસનથી મુકત હોવા જરૂરી છે.
20. જે બસ મુસાફરી માટે ભાડે આપવાની થાય તેનું ફીઝીકલ વેરીફીકેશન કરાવવું જરૂરી છે.
21. જે તે બસનું ફીટનેશ સર્ટીફીકેટ હોવું જરૂરી છે.
22. ફાયર સેફટી સાધન તથા ફર્સ્ટ એડ બોક્ષ બસમાં હોવા જરૂરી છે.
23. કોઈપણ પ્રકારના મતભેદો / તકરારના નિવારણ માટે નવસારીની જુડીશીયલની હદ માન્ય રાખવાની રહેશે.
24. આપનું ભાવપત્રક મંજુર થયે સ્વખર્ચે રૂા. ૧૦૦/– ના "ભારતીય નોન જુડીશીયલ સ્ટેમ્પ પેપર" ઉપર ઉપરોકત તમામ શરતો માન્ય અને કબૂલ છે તેમ દર્શાવતું કરારનામું કચેરીમાં રજૂ કરવાનું રહેશે.

સંપર્ક નંબર :

| દક્ષિણ ભારત માટે (બાગાયત) | ઉત્તર ભારત માટે (વનીય) |
|---|---|
| ૧. ડૉ. એ. આઈ. પટેલ, મો. ૭૬૦૦૦૪૯૧૭૬<br>૨. ડૉ. સી. આર. પટેલ, મો. ૯૪૨૮૧૬૦૯૩૭ | ૧. ડૉ. મીનલ ટંડેલ – ૯૬૬૨૫૩૨૮૧૧<br>૨. ડૉ. |

સહિ :–.......................

ટ્રાવેલ્સનું નામ :– .............................

સરનામું :– .............................

ફોન નંબરઃ–

આચાર્ય
અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય
ન.કૃ.યુ. નવસારી –૩૯૬ ૪૫૦